


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com — Pastor : Rev. Dr. Emanuel S. Kant

Visit us at : www.shahpurmethodistchurch.com — (M) 8780130474



વર્ષ - ૫૪ | જુલાઈ - ૨૦૨૫ | પત્ર - ૧૪૩


મંડળીનાં સર્વ વ્હાલા ભાઈ-બહેનો

તારનાર ઈસુનાં નામમાં પ્રેમી સલામ.

જોતજોતામાં વર્ષ ૨૦૨૫નાં છ માસ પૂરા થયાં. ઈશ્વરપિતાનો આભાર માનીએ તેમના નામને ધન્યવાદ આપીએ. તેમની અપાર દયા, કૃપામાં જીવંત ઈશ્વરે આપણને સંભાળ્યા, તંદુરસ્ત રાખ્યા માટે આભાર.

આપણી વ્યવસ્થા પ્રમાણે જુલાઈ માસમાં કેટલાંક મહત્વનાં દિવસો આવે છે. વિશ્વ વસ્તી દિન, આંતર રાષ્ટ્રીય ન્યાય દિવસ, માતૃ-પિતૃ દિન અને સુવાર્તા પ્રચાર મિશન સન્ડે ઉપરોક્ત તમામ બાબતો સંલગ્ન છે, સાથે જીવન ઘટમાળની દરેક તબક્કાઓમાં માનવજીવન સાથે સંકળાયેલી સંબંધિત બાબતો છે. એક પણ બાબતને ખ્રિસ્તી વિશ્વાસથી અળગી કરી શકાય નહિ.

આપણે જાણીએ છીએ કે જગતમાં વસ્તી વધારો અસાધારણ ઝડપે થઈ રહ્યો છે. આંકડા બતાવે છે કે વિશ્વભરમાં માનવ વસ્તી વધતી જ જાય છે. તેના પરિણામે ઘણા પ્રશ્નો મુશ્કેલીઓ હાડમારીઓ અંધાધુંધ પરિસ્થિતિઓનો સામનો વિશ્વ કરી રહેલ છે. તેના માટે ઉપાયો, આયોજનોને વસ્તીને નિયંત્રિત કરવાના ભરપૂર પ્રયત્નો કરવામાં આવે છે. તમામ પ્રયત્નો સફળ થતા નથી. ઈશ્વરે મનુષ્યને આપેલ પૃથ્વી પર માનવ દ્વારા અનેક સમસ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. પૃથ્વી પર હવા, પાણી, ખોરાકને તેની ઉપજ નીપજ, પોષકદ્રવ્યો, કિંમતી દ્રવ્યોને આધુનિકરણની આડમાં પૃથ્વીના સંતુલિત વાતાવરણને તેની લાક્ષણિકતાઓ પર તેની ભારે અસર પડી છે. રહેઠાણ, રસ્તા, રહેણીકરણી, રોજીંદા જીવન પર તેની અસર પડે છે. આબોહવા, પર્યાવરણને જમીનની પેદાશો અસરગ્રસ્ત બને છે. ઘણા બધા દેશો ખર્વો રૂપિયાનો ખર્ચ કરી વસ્તી ઘટાડવા, પૃથ્વીને સંતુલિત રાખવા માટે ખર્ચ કરે છે. માણસને ઈશ્વરે પૃથ્વી પર વસાવ્યો, ફળદ્રુપતાનો આશીર્વાદ આપ્યો, પરંતુ માણસે વિનાશકારી પગલા ભર્યા, જેમાં વસ્તીવધારો મહત્ત્વની બાબત છે. ચોખ્ખી હવા, ચોખ્ખુ પાણી, સ્વચ્છ વાતાવરણ કલ્પનાતીત બની ગયેલ છે. આ દિવસોમાં આપણે એ સમજવાની જરૂર છે કે 'પૃથ્વી તથા તેનું સર્વસ્વ ઈશ્વરનાં છે.' આપણે તો કારભારીઓ છીએ.

આ સમયોમાં આપણે વારંવાર સાંભળીએ છીએ, અમને યોગ્ય ન્યાય મળતો નથી. આપણો ઈશ્વર ન્યાયી છે. આપણે દરેક બાબતમાં તેમને અગ્રેસર રાખી સમાધાન શાંતિ શોધવાની છે. પરંતુ આપણી માનસિકતા બદલાઈ ગયેલ છે. સામાન્ય માણસથી માંડીને ધર્મગુરુઓ આંતરિક સમાધાનને બદલે દેશની કાયદાકીય પ્રક્રિયા પર વધુ વિશ્વાસ રાખી, સ્વાર્થ ખાતર અદાલતોમાં દોડી જાય છે. ઘણીવાર એવી પરિસ્થિતિ આવે છે કે અસરગ્રસ્તને બિન અસરકગ્રસ્ત સીધા, વ્યક્તિ, ધાર્મિક આગેવાનો કે સંસ્થાઓની સામે મુકદ્દમો દાખલ કરી દે છે. પરિણામે ના છૂટકે અદાલતો પર આધાર રાખવો જ પડે છે. દરેકને એ લાગણી ઉભી થાય છે, કે હું સાચો છો. મને યોગ્ય ન્યાય મળતો નથી. મારું સાંભળવામાં આવતું નથી. પરિણામ ઘણું જ ગંભીર આવે છે. પવિત્રશાસ્ત્ર આધારિત ન્યાયી રીતોને રીતસર ખિંટીએ ટીંગાડી દીધી છે. નાની નાની બાબતોમાં મને અન્યાય થયો છે. એ જ રટણ ને સમાધાન શોધવાની, આંતરિક રીતોને સરાસર અવગણના કરવામાં આવે છે. પરિણામે ઘણાં બધા દાવાઓ (કેશો)નો ભરાવો અદાલતોમાં થયેલ છે. તેના નિકાલની પ્રક્રિયા ધીમી પડેલ છે. તેથી ન્યાયને માટે લાંબા વર્ષો સુધી ઈંતઝાર કરવો પડે છે. માફ કરવાની, ભૂલી જવાની ભાવના તદ્દન લુપ્ત થઈ રહેલ છે. પ્રભુ આપણને માફી વિષે શિક્ષણ આપેલ છે, સમાધાન દ્વારા શાંતિની વાત કરેલ છે તેના વચનોને આપણે અનુસરવાનું છે.

આપણે માતૃદિન, પિતૃદિન વિષે જાણીએ છીએ પરંતુ કુટુંબની ધરીમાં માતા-પિતા, સમાન ધુરા સંભાળે છે. બાળકોનો ઉછેર, કુટુંબને વ્યવસ્થાને ટકાવવા, સંયુક્ત રીતે કૌટુંબિક જવાબદારીઓ નિભાવવાની વાત કે બાળકોને સંસ્કાર આપવા, ભણાવવા તેમનાં ભવિષ્યને કારકિર્દીને ઉજ્જવળ કરવા તે બંનેનું કાર્ય છે. છતાં કુટુંબ વ્યવસ્થામાં પતિ-પત્નીની જવાબદારીઓમાં મતભેદ, મનભેદ, સતત તણાવ, વધતા વધે છે. પરિણામે બાળકોની સંભાળ, ઉછેર ભવિષ્ય અંગે વિચાર ન કરતાં વિચ્છેદ વધતા જાય છે. બાળક નધણિયા તું બની જાય છે. શરૂઆતથી તેનામાં બંડ, બળવો, બીક, પેસી જાય છે ને તે અસફળ, આતંકી, આડે માર્ગે વળી જાય છે. માતા-પિતા તે સમજણ ધરાવતા નથી કે બાળકો તો ઈશ્વરે આપેલું ધન છે. કરૂણ બાબત છે, કે ઘણાં તે પ્રમાણે કરતા નથી. માતા-પિતાએ તો બાળકોને તેમના જીવન દ્વારા ઈશ્વરને પ્રતિબિંબિત કરવાનાં છે.


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી બેન દાતા તરફથી મળેલ છે.

એક દિવસ એક માણસે સેમ્યુલ ટેઈલરને જણાવ્યું કે હું મારા બાળકોને ધાર્મિક શિક્ષણ આપવાનો નથી. તેઓ પુખ્ત થાય ને પોતાની રીતે નિર્ણયો લેશે, તેજ મને યોગ્ય ને લાભદાયી લાગે છે. આ મારી દ્રષ્ટિએ તે શેતાની વિચાર હતો. માતા-પિતાની જવાબદારીમાંથી છટકી જવાની વાત હતી. સેમ્યલુ ટેલર તેમના મિત્રને કહ્યું, ચાલો હું તમને મારો બગીચો બતાવું. તેઓ બંને બગીચામાં ગયા. પેલા ભાઈએ કહ્યું શું તમે આને તમારો બગીચો ગણાવો છો ? આ તો ફૂલ-છોડનાં બગીચાં જેવો લાગતો નથી. સેમ્યુલ ટેલરે કહ્યું હા, ખરેખર આ બગીચો છે. મેં મારા બગીચાને આવો જ રહેવા દીધો છે. છોડવા, વૃક્ષોને જે રીતે વધવું હોય તે રીતે વધે ને પેલા ભાઈ શાનમાં સમજી ગયા. શું આ મૂર્ખતા પૂર્ણ નથી કે આપણે આપણા બાળકોને યોગ્ય શિક્ષણ, સંસ્કાર ને ઉછેરના કરી શકીએ ?

પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણે માટે બલિદાન આપ્યું, આપણાં વતી લોહી વહેવડાવ્યું, આપણા પાપ માફ કર્યા, ઉદ્ધારની ખાત્રી આપી. આ સુવાર્તા છે, તેને પ્રગટ કરવા તેની સાક્ષી આપવા પ્રભુ આપણને સહાય કરે. આમેન.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : જૂન

- તા. ૧, ભજનસેવા મેજની સંગતમાં જોડાયા. પાળક વચન લાવ્યા.
- તા. ૮, 'પચાસમાનો દિન' - પાળક પ્રભુનું વચન લાવ્યા. 'પ. આ. મંડળી માટે' સાંજના અમદાવાદ પાળક મંડળ દ્વારા આયોજીત પચાસમાના દિનની ખાસ ભજનસેવા.
- તા. ૧૫, 'પિતૃ દિન સન્ડે' નિમિત્તે પાળક પ્રભુનું વચન લાવ્યાં. મંડળી દ્વારા પિતાઓ (ફાધર્સ)નું સન્માન કરવામાં આવેલ. ભજનસેવામાં પ્લેન ક્રેશ ઘટના અસરગ્રસ્તો મરણ પામેલાઓ માટે ખાસ પ્રાર્થના કરવામાં આવેલ.
- તા. ૨૨, ભજનસેવામાં પાળકે શરૂઆતમાં હાજરી આપી. લીડીંગ શ્રી એન્થોની ઈમાનુએલ દ્વારા કરવામાં આવેલ શ્રીમતી ઉષાબેન કાન્ત દ્વારા વચન લાવવામાં આવેલ.
- તા. ૨૯, ભજનસેવામાં 'ઈશ્વરનો મિત્ર' આધારિત પાળક દ્વારા પ્રભુનું વચન લાવવામાં આવેલ.
- ભજનસેવા બાદ સન્ડેસ્કુલ બોર્ડ,
- એમ.વાય.એફ.ની રચના તેમજ મહિલા મંડળ વાર્ષિક સભા રાખવામાં આવેલ.
- સન્ડે સ્કૂલ દ્વારા ચિત્ર સ્પર્ધા રાખેલ. (વિસ્તૃત અહેવાલ આપવામાં આવશે.)

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | સુનંદાબેન વી. ગોહિલ | બર્થડે | ૫૦૦ |
| ૨. | સારાહબેન એફ. ટેલર | બર્થડે | ૫૦૦ |
| ૩. | ઉષા ઈમાનુએલ કાન્ત | પુ.ફંડ | ૨૦૦ |

## આવનાર માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત-જુલાઈ

- તા. ૫, નામનિર્દેશન સમિતિ મળશે. સાંજે ૮-કલાકે
- તા. ૬, ભજનસેવા મેજની સંગતમાં જોડાઈશું. મંડળીની પાસ્ટોરેટ કોન્ફરન્સ ભજનસેવા બાદ ડિ.સુ. રેવ. જશવંત મેકવાનના પ્રમુખ સ્થાને મળશે.
- તા. ૧૩, ભજનસેવા ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ ૧૨ કલાકે રાયખડ ખાતે મળશે.
- તા. ૧૮ થી ૨૦, ગુજરાત રીજીનલ કોન્ફરન્સનું ૩૭મું અધિવેશન મળશે.
- તા. ૨૦, ભજનસેવા
- તા. ૨૭, ભજનસેવા

## નાણાંકીય અહેવાલ મે - ૨૦૨૫

| | | |
|---|---|---|
| **તા.૧-૫-૨૫ની ઉઘડતી સિલક** | | |
| | **રોકડ** | **૧૬૮૮૯-૦૦** |
| | **બેંક** | **૫૦૬૩૫૦-૫૯** |
| **તા.૩૧-૫-૨૫ સુધીની** | **આવક** | **૧૩૭૪૩૮-૦૦** |
| | **કુલ** | **૬૬૦૬૭૭-૫૯** |
| **તા.૩૧-૫-૨૫ની બંધ સિલક** | | |
| | **રોકડ** | **૪૬૯૩-૦૦** |
| | **બેંક** | **૬૧૫૯૫૩-૫૯** |
| **તા.૩૧-૫-૨૫ સુધીનો** | **ખર્ચ** | **૪૦૦૩૧-૦૦** |
| | **કુલ** | **૬૬૦૬૭૭-૫૯** |

**માનદ્ શ્રી નિલેષ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર**

## BIRTHDATE IN JULY

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧/૭ | મંદાકીનીબેન એલ. પેલમોર | ૮/૭ | સિલ્વીયા એન. ક્રિશ્ચિયન USA | ૧૯/૭ | રાજેશ એફ. રાઠોડ |
| ૧/૭ | રોશની પી. પરીખ | ૮/૭ | કેરોલીન એ. ક્રિશ્ચિયન | ૨૩/૭ | રિચાર્ડ એસ. હિવાળે |
| ૨/૭ | શેરોન નોએલ ક્રિશ્ચિયન | ૯/૭ | રીટાબેન ડી. હેરી | ૨૫/૭ | ઈમાનુએલ એસ. ખ્રિસ્તી |
| ૨/૭ | ડૉ. મિનલ કેયુર ચૌહાણ USA | ૧૧/૭ | મહીમા એ. પેટ્રીક | ૨૬/૭ | ફ્રાન્સીસ વી. ગોહિલ |
| ૩/૭ | મીશેલ ડી. મેકવાન USA | ૧૨/૭ | પ્રતિભા આર. મહિડા | ૨૬/૭ | મટીલ્ડા જી. મેકવાન USA |
| ૩/૭ | એરોન એ. ઈમાનુએલ | ૧૪/૭ | ફેનીલ એ. મહિડા | ૨૭/૭ | ચિરાગ એસ. ચૌહાણ USA |
| ૪/૭ | સિપ્રાહ એ. પેલમોર | ૧૫/૭ | સ્વીટી એન. પરીખ | ૨૭/૭ | માગ્રેટબેન એસ. ઈમાનુએલ |
| ૪/૭ | આશ્ના એ. સોલોમન | ૧૫/૭ | રીયોના પી. ક્રિશ્ચિયન | ૨૯/૭ | શેરીલ આર. ક્રિશ્ચિયન |
| ૭/૭ | જેમ્સ વી. મેકવાન | ૧૬/૭ | કૃણાલ આર. મહીડા | ૨૯/૭ | સ્ટેસી જે. ડેવિડ |
| ૭/૭ | રિયોના ડી. હેરી | ૧૭/૭ | ઉષા એમ. રાઠોડ | ૨૯/૭ | સેલ્વીયા આર. હિવાળે |
| ૮/૭ | જુલીયેટ એન. ક્રિસ્ટી | ૧૮/૭ | એન્જલ એ. ક્રિશ્ચિયન | ૩૧/૭ | શેન પી. ક્રિશ્ચિયન |